सत्यमेव जयते

**આ કામના વાદી રબારી(દેસાઈ) જીવીબેન તે રત્નાભાઈ સવદાભાઈની પુત્રી અને દેવાભાઈ રામાભાઈની પત્નિ તથા અન્ય– ૭ઓની આંક–૦૫ વાળી હંગામી મનાઈ હુકમની અરજી લગત હુકમઃ–**

............................................................................................................................

(૧) વાદીઓએ હાલનો દાવો પ્રતિવાદી સામે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રદ્ઘ બાતલ ઠેરવવા જાહેરાતનો તથા કાયમી મનાઈ હુકમનો દાખલ કરેલો છે અને વાદી દ્વારા હાલના દાવાની સાથે ઓ.૩૯, રૂ.૧,૨ અન્વયે તથા કલમ ૧૫૧ નીચે દાવો ચાલતા દરમીયાન હંગામી મનાઈ હુકમની માંગણી કરતી હાલની અરજી કરેલ છે.

(૨) વાદીની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના વાદીઓ ની સંયુક્ત માલીકી, કબજા, ભોગવટા ની મોજે ગામ અમરનેસડા, તા. કાંકરેજ, જિ.બનાસકાંઠા મુકામે ખાતા નં. ૧૭૪ થી ચાલતી સર્વે નં. ૧૭૬ (જુના સર્વે નં. ૧૩૮) ની હે.આરે. ૦–૭૫–૩૮ ચો. મીટર તથા સર્વે નં. ૧૮૧ (જુના સર્વે નં. ૧૩૭/૪) ની હે.આરે. ૦–૬૭–૦૮ ચો. મીટર તથા સર્વે નં. ૧૮૨ (જુના સર્વે નં. ૧૩૭/૬) ની હે.આરે. ૦–૯૩–૯૯ ચો. મીટર તથા સર્વે નં. ૧૮૬ (જુના સર્વે નં. ૧૩૭/૧) ની હે.આરે. ૦–૫૧–૮૧ ચો. મીટર તથા સર્વેનં.૧૮૫ (જુના સર્વે નં. ૧૩૭/૨) ની હે.આરે. ૦–૩૫–૧૦ ચો. મીટર મળી કુલ હે.આરે. ૩–૨૩–૩૬ ચો. મીટર વાળી ખેતીની જમીન વાદીઓને વેચાણ કરવી હોય જેથી આ કામના પ્રતિવાદી તથા તેમના પતિ વિજયભાઈ વાલજીભાઈ પ્રજાપતિને વેચાણ અર્થે વાત કરતા વાદીઓની જમીન ખરીદ કરવા તૈયાર થયેલા અને જમીનનો સોદો સાક્ષીઓની હાજરીમાં નક્કી કરવામાં આવેલો. દાવાવાળી સમગ્ર ખેતીની જમીનની વેચાણ કીમત રૂ.૩૦,૦૦,૦૦૦/– પુરા અવેજની રકમ નક્કી કરવામાં આવેલી અને જંત્રી મુજબનો વેચાણ દસ્તાવેજ કરવાનું વાદીઓ તથા પ્રતિવાદી વચ્ચે નક્કી થયેલુ. આ કામના વાદીઓ અભણ હોય અને કાયદાના અજ્ઞાન હોય પ્રતિવાદી તથા તેમના પતિ વિજયભાઈએ વાદીઓને જણાવેલ કે મુળ કીમત મુજબ વેચાણ દસ્તાવેજ કરશો તો સ્ટેમ્પ વધુ વાપરવો પડશે જેથી જંત્રી મુજબ દસ્તાવેજ કરે તો યોગ્ય સ્ટેમ્પ વાપરવો પડે તેવી વાત કરતા વાદીઓએ પ્રતિવાદી તથા તેમના પતિ પર વિશ્વાસ અને ભરોસો રાખી જંત્રી મુજબનો વેચાણ

દસ્તાવેજ કરવાનું નક્કી કરેલુ. તે બાદ દાવાવાળી જમીનની જંત્રીની કીંમત કઢાવતા રૂ.૧૮,૧૯,૦૦૦/– થથી હતી અને તે સમયે પ્રતિવાદી તથા તેમના પતિ વિજયભાઈ તેમની રીતે વેચાણ દસ્તાવેજ તૈયાર કરાવડાવી અને વેચાણ દસ્તાવેજમાં જંત્રીની કીમત રૂ.૧૮,૧૯,૦૦૦/–ની જગ્યાએ રૂ.૮,૦૦,૦૦૦/– દર્શાવેલ અને તે સમયે પ્રતિવાદી તથા તેમના પતિ વિજયભાઈએ વાદીઓને કહેલ કે હાલમાં ચાર–ચાર લાખના બે ચેક આપુ છુ અને બાકીની રૂ.૨૨,૦૦,૦૦૦/– નોંધ મંજુર થાય એટલે આપી દઈશ અને તે મુજબ નક્કી કરવામાં આવેલુ. ત્યાર બાદ આ કામના વાદી નં. ૮ રબારી (દેસાઈ) પીરાભાઈ ભાથાભાઈ ના નામે રૂ.૮,૦૦,૦૦૦/– અંકે રુપિયા આઠ લાખ પુરા ચુકવવા માટે બે ચેકો આપેલા જેમાં (૧) આદર્શ કો.ઓ.બેંક લી. રાજપુર રોડ શાખા નો ખાતા નં. ૦૨૮૦૧૦૧૦૦૦૦૫૫૬૫ વાળા ખાતાનો ચેક નં. ૦૭૪૩૦૬ તા.૨૬/૭/૨૦૨૩ ના રોજ નો રુા.૪,૦૦,૦૦૦/– અંકે રુપિયા ચાર લાખ પુરા નો ચેક તથા (૨) આદર્શ કો.ઓ.બેંક લી. રાજપુર રોડ શાખા નો ચેક નં. ૦૭૪૩૧૧ તા.૨૫/૮/૨૦૨૩ ના રોજ નો રુા.૪,૦૦,૦૦૦/– અંકે રુપિયા ચાર લાખ પુરા નો ચેક આપેલ અને તે સમયે પ્રતિવાદી તથા તેમના પતિ એ અમો વાદીઓ ને વિશ્વાસ અને ભરોસો આપેલો કે, આ ચેકો બેંકમાં ભરવામાં આવશે તો તમોને ચેકમાં દર્શાવેલ રકમ મળી જશે. આથી વાદીઓએ તેમના કથન ઉપર વિશ્વાસ રાખી ચેકો સ્વીકારી લીધેલા. અને ત્યાર બાદ અમો વાદીઓએ આ કામના પ્રતિવાદી ના નામે વેચાણ દસ્તાવેજ કરી આપેલ જે લેખ કાંકરેજ સબ રજી. કચેરીમાં અનુ.નં. ૧૭૧૦ તા. ૧૩/૭/૨૦૨૩ ના રોજ રજુ થઈ નોંધાયેલ છે. પરંતુ સદરહું જમીનનો કબજો, ભોગવટો વાદીઓએ તેમની પાસે રાખેલો. તે બાદ ઉપરોક્ત બન્ને ચેકો તા.૨૩–૧૦–૨૦૨૩ના રોજ ફંડ ઈન્સફીસીયન્ટના શેરા સાથે પરત ફરેલા. આમ, પ્રતિવાદીએ ઉપરોક્ત આપેલ ચેકો પાસ ન થતા વાદીઓને ચેકની રકમ કે દાવાવાળી મીલકતની બજાર કીંમત ન મળતા વાદગ્રસ્ત વેચાણની નોંધ સામે નાયબ કલેક્ટરશ્રીને વાંધો આપેલ હતો અને આ કામે ના.કલેક્ટરશ્રીએ આર.ટી.એસ. તકરાર ૮૭/૨૦૨૩ થી કેસ ઉપસ્થિત કરી તેમના તા.૦૯–૧૦–૨૦૨૩ના હુકમથી વાદીઓની વાંધા અરજી નામંજુર કરી નોંધ નં.૧૦૧૧, તા.૧૩–૦૭–૨૦૨૩ પ્રમાણીત કરવા હુકમ કરેલો અને તે બાદ સદર હુકમ સામે વાદીઓએ કલેક્ટરશ્રી બનાસકાંઠા સમક્ષ રીવીઝન અરજ રજુ કરેલ છે. આમ, આ કામના પ્રતિવાદી તથા તેમના પતિ શરૂઆતથી જ તેમનો મલીન ઈરાદો પાર પાડવા સારૂ કરીને મુળ કીંમત નક્કી કરી અને ત્યાર બાદ વેચાણ દસ્તાવેજ કરતા સમયે જે જંત્રીની

કીંમત થતી હતી તેમાં પણ તેમની રીતે વેચાણ દસ્તાવેજમાં જંત્રીની કીંમત ઓછી દર્શાવી અને ચેકો પણ ખોટા આપી તેમાં ચેક ચાક તેમની રીતે કરી અમારી પાસે વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ છે અને આ અંગે ડીસાના મહે.ચીફ જ્યુડી મેજી સાહેબની કોર્ટમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરેલ છે અને અલગ અલગ ઓથોરીટી સમક્ષ કાર્યવાહી કરેલ હોઈ તેમજ પોલીસ સ્ટેશનમાં પણ છેતરપીડીની ફરીયાદ કરેલ હોઈ અને હવે આ કામના પ્રતિવાદી સદરહું દાવા વાળી જમીન અન્ય ત્રાહિત વ્યકિતને વેચાણ કરી દેવા માંગતા હોઈ અને વાદીઓને છેલ્લા અઠવાડીયાથી જાસા ધમકીઓ આપી રહેલ હોઈ જથી આ કામના પ્રતિવાદીઓના ગેરકાયદેસરના કૃત્યને રોકવા તથા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રદ બાતલ ઠરાવવા તથા કાયમી મનાઈ હુકમ અને જાહેરાતનો હાલનો આ દાવો લાવી સાથે હંગામી મનાઈ હુકમની અરજી રજુ કરેલ છે.

(૩) આ કામે પ્રતિવાદીઓને નામ.કોર્ટ દ્વારા કારણ દર્શક નોટીસની બજવણી થતા પ્રતિવાદીઓ તેઓના વિ.વશ્રી મારફતે હાજર થઈ આંક–૧૨ થી દાવા અરજી તથા હંગામી મનાઈ હુકમની અરજીનો સંયુક્ત જવાબ રજુ કરેલ છે. જે લક્ષમાં લેવામાં આવે તો વાદીની દાવા અરજી તથા હંગામી મનાઈ હુકમની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વધુમાં તેઓએ જણાવેલ છે કે, દાવાવાળી મીલકત વાદીની હતી અને તેઓની પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી કુલ અવેજની રકમ રૂ.૮,૦૦,૦૦૦/–નો નક્કી કરી વેચાણ રાખેલ જેનો વેચાણ લેખ કાંકરેજ સબ રજીસ્ટ્રાર કચેરીમાં અનુ નં.૧૭૧૦ થી તા.૧૩–૦૭–૨૦૨૩ના રોજ નોંધાયેલ છે અને ત્યારથી સદરહુ જમીનના પ્રતિવાદીઓ સ્વતંત્ર માલીક, કબજેદાર, ભોગવટેદાર બનેલા અને તેની અવેજની પુરેપુરી રકમ વાદીને ચુકવી દીધેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના વાદીએ તેમના દાવાના પેરા નં. ૫ માં જે "(૧) આદર્શ કો.ઓ.બેંક લી. રાજપુર રોડ શાખા નો ખાતા નં. ૦૨૮૦૧૦૧૦૦૦૦૫૫૬૫ વાળા ખાતાનો ચેક નં. ૦૭૪૩૦૬ તા.૨૬/૭/૨૦૨૩ ના રોજ નો રુા.૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ચાર લાખ પુરા નો ચેક તથા (૨) આદર્શ કો.ઓ.બેંક લી. રાજપુર રોડ શાખા નો ચેક નં. ૦૭૪૩૧૧ તા.૨૫/૮/૨૦૨૩ ના રોજ નો રુા.૪,૦૦,૦૦૦/– અંકે રુપિયા ચાર લાખ પુરા નો ચેક આપેલ" વાળા ચેકોની હકીકત જણાવેલ છે તે મુજબના કોઈ ચેક અમોએ વાદીને આપેલ નથી. પરંતુ સદરહું ચેક નં. ૦૭૪૩૦૬ વાળો તા.૨૫/૬/૨૦૨૩ નો ચેક આપેલ છે તેમજ ચેક નં. ૦૭૪૩૧૧ નો તા. ૧૩/૭/૨૦૨૩ ના રોજ નો ચેક આપેલ છે ત્યાર બાદ વાદીના કહેવાથી દ્વારકાધીશ કાર મોલમાં આખોલ ડીસામાં પ્રતિવાદીએ તેઓની અર્ટીકા ગાડી

નં.જી.જે.૦૧.જી.યુ.૪૪૭૧ વેચાણ કરી તેઓના મારફતે વાદીને રૂ.૭,૦૦,૦૦૦/– અને બાકીની રકમમાંથી રૂ.૬૦,૦૦૦/– પુરા ઓનલાઈન ચુકવેલા અને રૂ.૪૦,૦૦૦/– પુરા રોકડા ચુકવી આપેલા તેમ છતા વાદીએ હાલનો દાવો મલીન ઈરાદો પાર પાડવા સારૂ દાખલ કરેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, આ કામના વાદીએ તેઓ સામે જે શિહોરી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી તે ફરીયાદ પણ ફાઈલે થયેલી તેમજ આ સિવાય તેઓએ બે ચેકો પૈકી એક ચેકનો ઉપયોગ કરી ફરીયાદ દાખલ કરેલ છે અને આ કામે બન્ને ચેકો એક સાથે સરખામણી કરવામાં આવે તો બન્ને ચેકોની સહીઓમાં અને તારીખોમાં ફેરફાર હોવાનું પણ જણાય છે. આમ આ કામના વાદીઓ હાલનો દાવો તથા જમીન સબંધેની જે તકરાર ઉપસ્થિત કરેલ છે તે તદ્દન ખોટી રીતે ઉભી કરેલ છે આથી વાદીનો દાવો રદ્દ કરવા પાત્ર છે.

(૪) આ કામે વાદીઓના વિ.વશ્રીએ તેમની અરજીમાં જણાવેલ હકીકતોના પુનરાવર્તન રૂપે આંક–૧૬થી લેખીત દલીલો રજુ કરેલ છે. જેમાં મુખ્યત્વે તેઓની હંગામી અરજી મુજબની હકીકતોને વળગી રહેલ છે અને તેઓએ આંક–૪ થી જે દસ્તાવેજી યાદી રજુ કરેલ છે જે દસ્તાવેજી યાદીના દસ્તાવેજો નિશાની ૪/૧ થી ૪/૨૯ ઉપર આધાર રાખી અરજીમાં જણાવેલ મનાઈ હુકમ મંજુર કરવા વિનંતી કરેલ છે. જ્યારે પ્રતિવાદીઓ તરફે તેઓના રજુ થયેલ આંક–૧૨ મુજબના જવાબની હકીકતોના પુનરાવર્તન રૂપે મૌખીક દલીલો રજુ કરેલ પરંતુ તેઓની દલીલોનો કે જવાબના સમર્થનમાં કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી વાદીની દાવા અરજી અને હંગામી મનાઈ હુકમની અરજી રદ્દ કરવા અરજ કરેલ છે.

(૬) સદર કામે રજુ થયેલ તમામ હકીકતો, મનાઈ અરજી ધ્યાને લેતા મારી સમક્ષ નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| **મુદ્દા નં.૦૧.** | શુ વાદીનો કેસ પ્રથમદર્શનીય છે? |
| **મુદ્દા નં.૦૨.** | શુ સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે? |
| **મુદ્દા નં.૦૩.** | શુ વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણાથી ન ભરપાઈ થાય તેવુ નુકશાન થાય તેમ છે? |
| **મુદ્દા નં.૦૪.** | શુ હુકમ? |

| | **ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.** |
|---|---|
| **મુદ્દા નં.૦૧.** | હકારમાં... |
| **મુદ્દા નં.૦૨.** | હકારમાં... |
| **મુદ્દા નં.૦૩.** | હકારમાં... |
| **મુદ્દા નં.૦૪** | આખરી હુકમ મુજબ. |

**–::કારણો::–**

(૭) સદર કામે મુદ્દા નં.૧ થી ૩ એક સાથે સંકળાયેલ હોઈ ચર્ચામાં પુનરાવર્તન કરવા માટે મુદ્દા નં.૧ થી ૩ ની સંયુક્ત ચર્ચા કરવાનું યોગ્ય જણાતુ હોઈ સંયુક્ત ચર્ચા કરેલ છે.

(૮) આંક–૦૫ ની અરજી નિર્ણિત કરતી વખતે પક્ષકારો વચ્ચેનો મુખ્ય તકરારી મુદ્દો નિર્ણિત કરવાનો હોતો નથી. પરંતુ માત્ર એટલું જ જોવાનું હોય છે કે વાદીનો કેસ મનાઈ અરજી મેળવવાની મુખ્ય ત્રણ કસોટીમાંથી પસાર થાય છે કે નહિ. એટલે કે વાદીનો પ્રથમદર્શનીય કેસ છે કે નહિ, અને સગવડની સમતુલા વાદીના લાભમાં છે. જો મનાઈ હુકમ મંજુર ના કરવામાં આવે તો, પ્રતિવાદી કરતા વાદીને વધુ નુકશાન થવાની શક્યતાઓ રહેલી છે અને આ મનાઈ હુકમ જો ના આપવામાં આવે તો, વાદીને નાણાંથી ભરપાઈ ના થઈ શકે તેવું નુકશાન થવાની શક્યતા રહેલી છે. તેવું રેકર્ડ ઉપર ફલિત થવું જોઈએ. જયારે પણ મનાઈ અરજીનો નિર્ણય કરવાનો હોય ત્યારે વખતો વખતના નામદાર સુપ્રીમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિદ્ધાંતોને નજર સમક્ષ રાખવા જરૂરી હોય હાલના કામમાં નામદાર ગુજરાત હાઈકોર્ટનો આ ચુકાદો ધ્યાને રાખવો જરૂરી છે. **In the case of J.M.Patel V/s. D.B.Patel, reported in** 2007(1) **GLR** 79, **Hon'ble Gujarat High Court held that,** before granting interim injunction the court required to examine merit of case to ascertain whether plaintiff has prima facie case to success or not, the court cannot ignore material on record and circumstances, Plaintiff need not

establish his right or title at this stage, but should have a fair question to be tried, also balance of convenience and irreparable injury. The same view of the fair question to be tried and fair triable issues between the parties to be suit. In other words, it can be also said that prima facie case means a substantial question raised, bona-fide, which needs investigation and a decision on merits.

While Granting temporary injunction the tests being applied are (1) Whether the plaintiff has a prima facie case (2) Whether the balance of convenience is in favour of the plaintiff and (3) Whether the plaintiff would suffer irreparable injury if his prayer for temporary injunction is allowed.

The Court while granting or refusing to grant injunction should exercise sound judicial discretion to find the amount of substantial mischief or injury which is likely to be caused to the parties, if the injunction is refused, and compare it with that which is likely to be caused to the other side if the injunction is granted.

The applicant must satisfy the court that he has a strong prima facie case and showing that he will suffer irreparable injury if the injunction as prayed is not granted and there is no other remedy open to him by which he can protect himself from the consequences of apprehended injury. Granting of injunction is an equitable relief and such a power can be exercised when judicial intervention is absolutely necessary to protect rights and interest of the applicant.

And the third condition for granting the injunction is that the balance of convenience must be in favour of the applicant. In Other words, the court must be satisfied that the comparative mischief, hardship or inconvenience which is likely to be caused to the applicant by refusing the injunction will be greater than that which is likely to be caused to the opposite party by granting it.

(૯) આ કામે વાદીની અરજીની હકીકતો, વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરવા, પ્રતિવાદી તરફે રજુ થયેલ દાવા અરજી તથા હંગામી મનાઈ હુકમનો લેખીત જવાબ તથા પક્ષકારો તરફે થયેલ રજુઆતો ધ્યાને લીધી. આ કામે વાદીઓની હાલની અરજીની મુખ્ય તકરાર લક્ષમાં લેવામાં આવે તો વાદીઓએ દાવાવાળી મીલકતનું પ્રતિવાદીઓને વેચાણ કરેલ છે અને દાવાવાળી મીલકતનુ બજાર કીંમત તથા પ્રતિવાદીએ વાદીઓને આપેલ ચેક મુજબનું પણ અવેજ મળેલ નથી જ્યારે દાવાવાળી મીલકતનું વેચાણ દસ્તાવેજ થઈ ગયેલ છે અને દાવાવાળી મીલકતમાં પ્રતિવાદીઓના નામ રેવન્યુ રેકર્ડે ચડેલ છે. વાદીઓનું કથન છે કે, પ્રતિવાદીએ જંત્રીની કીંમત કરતા ઓછી કીંમતનું દસ્તાવેજ તેઓના રીતે તૈયાર કરાવીને વાદીઓની અભણતા અને અજ્ઞાનતાનો લાભ લઈ વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ છે. વાદીઓના સદર કથનને સમર્થન આપતા દસ્તાવેજો અત્રે વાદી તરફે આંક–૦૪ થી રજુ થયેલ છે જે દસ્તાવેજોને નિશાની ૪/૧ થી ૪/૨૯ આપેલ છે જે લક્ષમાં લેવામાં આવે તો સદર દસ્તાવેજોમાં રેવન્યુ રેકર્ડ તેમજ વેચાણ દસ્તાવેજ લક્ષમાં લેવામાં આવે તો વેચાણ દસ્તાવેજ નં.૧૭૧૦, તા.૧૩–૦૭–૨૦૨૩ના રોજ થયેલ છે અને સદર દાવાવાળી મીલકત રજુ થયેલ વેચાણ દસ્તાવેજ આધારે પ્રતિવાદીઓ માલીક બનેલ છે તે હકીકત નિર્વીવાદીત છે. હવે પ્રતિવાદી તરફે રજુઆત થયેલ છે કે તેઓએ વાદીને વેચાણ દસ્તાવેજ મુજબની પુરેપુરી અવેજની રકમ ચુકવી દીધેલ છે અને તેમજ છતા વાદીએ હાલનો ખોટી હકીકતો ઉભી કરી ખોટો દાવો દાખલ કરેલ છે. પ્રતિવાદીએ તેઓના જવાબમાં જણાવેલ હકીકતો જોતા તેઓએ જણાવેલ છે કે વાદીઓને આપેલ ચેક ઉપરાંત વાદીઓના કહેવા મુજબ દ્વારકાધીશ કાર મોલ આખોલ ડીસા તેઓની અર્ટીકા ગાડી વેચાણ કરી રૂ.૭,૦૦,૦૦૦/– ચુકવી આપેલા અને બાકીની રૂ.૬૦,૦૦૦/– ઓનલાઈન અને રૂ.૪૦,૦૦૦/– રોકડા ચુકવી આપેલ છે. આ કામે પ્રતિવાદીએ તેઓના કથન મુજબના લેખીત દસ્તાવેજ જવાબ સાથે રજુ કરેલ નથી. આમ, સમગ્ર રીતે વાદીની હાલની અરજીની હકીકતો, વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા

તેમજ પ્રતિવાદી તરફે રજુ થયેલ જવાબ ધ્યાને લેવામાં પ્રતિવાદીએ વાદીઓને દાવાવાળી મીલકતની અવેજની રકમ ચુકવી દીધેલ હોવાના કોઈ પુરાવા પ્રતિવાદી તરફે રજુ થયેલ નથી તે સંજોગોમાં પ્રતિવાદીએ વાદીઓને અવેજની રકમ ચુકવી દીધેલ છે તેવી દલીલ માની શકાય નહી. વધુમાં અત્રે એ નોંધવુ આવશ્યક છે કે પ્રતિવાદીએ તેઓની અર્ટીકા ગાડી વેચાણ કરીને રૂ.સાત લાખ વાદીઓને ચુકવી આપેલ હોય તે ગાડીન વેચાણ કર્યા અંગેના પુરાવા અદાલતને હાલના તબક્કે રજુ કરવા જોઈએ તેમજ રૂ.૬૦,૦૦૦/– ઓનલાઈન ચુકવેલા હોવાના કથન મુજબ બેન્ક સ્ટેટમેન્ટ યા તો અન્ય કોઈ ઓનલાઈન ટ્રાન્ઝેકશનના પુરાવા રજુ કરવા જોઈએ તેમજ રૂ.૪૦,૦૦૦/– રોકડા ચુકવેલ હોય તો કોની હાજરીમાં અને ક્યારે ચુકવેલા તેમજ તેની કોઈ નોંધ હોય તો તે રજુ કરવી જોઈએ જેથી વાદીએ હાલની હંગામી મનાઈ હુકમની અરજીમાં જણાવેલી હકીકતોને પ્રથમદર્શનીય રીતે પ્રતિવાદી ખંડન કરી શકે. વધુમાં, પ્રતિવાદીએ વાદીને બે ચેક આપેલાની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે તે હકીકત જોવામાં આવે તો તે બન્ને ચેકો વણચુકવાયે પરત ફરેલ છે જે સદર કામે માર્ક ૪/૨૨ થી ૪/૨૫ સુધીના રજુ થયેલ ચેકની નકલો તથા રીટર્ન મેમાની નકલો પરથી પ્રથમદર્શનીય ફલીત થાય છે. આમ, વાદીને પ્રતિવાદીએ વેચાણ દસ્તાવેજ મુજબની અવેજની રકમ ચુકવી દીધેલ હોવાનું પણ હાલના તબક્કે માની શકાય તેવા પ્રબળ કારણો હાથ પરના રેકર્ડ પરથી જણાઈ આવતા નથી. વધુમાં, અત્રે એ નોંધવુ આવશ્યક છે કે, સામાન્ય રીતે ખેતી લાયક જમીનોના બજાર કીંમત ધ્યાને લેવામાં આવે તો જમીનોના ભાવ આસમાને અડતા ભાવો છે જ્યારે હાલનો રજુ થયેલ કહેવાતો વેચાણ દસ્તાવેજ અને તેની અવેજની રકમ લક્ષમાં લેવામાં આવે અને સાથે સાથે દાવાવાળી મીલકતનું ક્ષેત્રફળ લક્ષમાં લેવામાં આવે તો આટલી નાની રકમમાં વેચાણ દસ્તાવેજ શુદ્ધ બુદ્ધીથી થયેલ હોય તે માની શકાય તેવુ નથી અને જેથી અદાલત તે અનુમાન તરફ પ્રેરાય છે કે, દાવાવાળી મીલકતના વેચાણની અને વેચાણ દસ્તાવેજ થયાની પ્રક્રીયામાં શંકા ઉત્પન્ન થાય છે. આમ, આ કામે વાદી તેઓનો પ્રથમદર્શનીય કેસ સાબીત કરવામાં સફળ થયેલ હોવાનું માનવાને કારણ રહે છે. તે સંજોગોમાં સગવડ અગવડતાનું પલ્લું પણ વાદીઓની તરફેણમાં નમતું હોવાનું જણાઈ આવે છે જેથી વાદીને માંગ્યા મુજબનો હંગામી મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીઓને નાણામાં આંકી ન શકાય તેવું નુકશાન જવાની સંભાવના છે. આમ, તમામ પુરાવાઓ જોતાં વાદીઓનો પ્રથમદર્શનીય કેસ તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓની તરફેણમાં હોવાનું જણાય આવે છે જેથી હંગામી મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીઓને

નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ જણાય છે જેથી વાદીઓ મુદ્દા નં. ૧ થી ૩ પુરવાર કરવામાં સફળ રહેલ હોઈ મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ::–**

(૧) વાદીઓની આંક–૫ વાળી હંગામી મનાઈ હુકમની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) પ્રતિવાદીઓને એવો હુકમ કરવામાં આવે છે કે, દાવાનો આખરી ન્યાય નિર્ણય ન આવે ત્યા સુધી પ્રતિવાદીએ દાવાવાળી મીલકતનો રેવન્યુ રેકર્ડનો લાભ લઈને અન્ય કોઈને વેચાણ, બક્ષીસ, ગીરો, ભાડા પેટે કે કોઈ પણ રીતે તબદીલ કરવી નહી કે કરાવવી નહી તેમજ દાવાવાળી મીલકતના સ્વરૂપમાં કે હેતુમાં પણ કોઈ રીતનો ફેરફાર કરવો નહી કરાવવો નહી.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ ૨૮ મી માહે ઓક્ટોબર સને ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

શિહોરી (પ્રજ્ઞેશકુમાર બાબુભાઈ પટેલ)

તા.૨૮–૧૦–૨૦૨૪ પ્રિન્સિપાલ સિવિલ જજ, શિહોરી

કોડ–જીજે૦૧૨૭૮